અપીલ અરજી નં.૨૨૪ તા.૧૯–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી ભુપેન્દ્રસિંહ દેવિદયાલસિંહ રાજપૂત
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભુપેન્દ્રસિંહ દેવિદયાલસિંહ રાજપૂતની તા.૧૪–૯–૧૦ ની અરજીથી કાર્યપાલક ઈજનેર શ્રી ડી સી. ગાંધીના સર્વીસ પીરીયડમાં અત્યાર સુધી કેટલા બાંધકામોને નોટીસ આપી ડીમોલીશન કરેલ છે અને ડીમોલીશનવાળુ કામ પાછા કેટલા બંધાય ગયા છે તેવી માહિતી અને તે રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય તો જવાબદારી કોની? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૯–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૨૪/૨૦૧૦–૧૧

શ્રી ભુપેન્દ્રસિંહ દેવિદયાલસિંહ રાજપૂતની તા.૧૪–૯–૧૦ ની અરજીથી કાર્યપાલક ઈજનેર શ્રી ડી સી. ગાંધીના સર્વીસ પીરીયડમાં અત્યાર સુધી કેટલા બાંધકામોને નોટીસ આપી ડીમોલીશન કરેલ છે અને ડીમોલીશનવાળુ કામ પાછા કેટલા બંધાય ગયા છે તેની માહિતી અને તે રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય તો જવાબદારી કોની? તેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૫૦૫ તા.૪–૧૦–૧૦થી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૬૨ તા.૨૬–૧૦–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત રજુ કરેલ નથી. તથા સંતોષકારક માહિતી નથી તેવા તથા " વધારે બાંધકામની સાબિતિ આપી શકીએ એમ છીએ " એવા આપના દાવા અંગે અપીલમાં નિર્દીષ્ટ વિગતે આપની પાસે ઉપલબ્ધ આધાર સમર્થન મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૫૭૯ તા.૧૮–૧૧–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૫૦૫ તા.૪–૧૦–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૧૪–૯–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કાર્યપાલક ઈજનેરશ્રી ડી.સી. ગાંધીના ઉધનાઝોનમાં ચાર્જ સંભાળ્યો ત્યાર બાદ તા.૧૪–૯–૧૦ સુધીમાં કુલ–૧૦ (દસ) બાંધકામોને નોટીસ આપી ગેરકાયદેસર બાંધકામોનું ડીમોલીશન કરવામાં આવેલ છે. સદરહુ ડીમોલીશન કરવામાં આવેલ બાંધકામો ફરી બંધાઈ ગયા હોય, તેવી કોઈ વિગત અત્રેના ઉપલબ્ધ રેકર્ડ પર ન હોય, માહિતી આપી શકાય તેમ નથી. વધુમાં આરટીઆઈ એકટ હેઠળની કલમ–૨(છ) મુજબ રેકર્ડ પરની માહિતી આપવાની રહે છે તે પૈકી જે રેકર્ડ પર ઉપલબ્ધ હોય તેવી માહિતી આપવાની જવાબદારી જે તે માહિતી અધિકારીની રહે છે. " તેવું જણાવવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૪–૧૦–૧૦ ના રોજ મળેલા નિર્ણયથી નારાજ થઈ તા.૧૯–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે માંગેલ માહિતી સંતોષકારક જવાબ મળેલ નથી અને જાહેર માહિતી અધિકારી અનુસાર અત્યાર સુધી શ્રી ડી.સી. ગાંધીના સર્વીસ પીરીયડમાં માત્ર ૧૦ (દસ) બાંધકામો કે જે નોટીસ આપી ડીમોલીશન કરવામાં આવ્યા છે જયારે એના કરતાં વધારે બાંધકામોની સાબિતી આપી શકીએ છીએ અને ડીમોલીશન બાદ જે બાંધકામોની હાલની સ્થિતિએ પાછા બંધાઈ ગયા હોય તેની જવાબદારી નકકી કરવાની રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારે કરેલા દાવાના સંદર્ભમાં અત્રેથી અપીલ તબકકે આરટીઆઈ સેલ/૮૬૨ તા.૨૬–૧૦–૧૦ થી પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી કરેલા દાવાના સમર્થનમાં કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી. અને કરેલા દાવા અંગે નિષ્ફળ રહેલ છે. વધુમાં અરજદારે બાંધકામની હાલની સ્થિતિએ બે પાછા બંધાઈ ગયેલ હોય તો તે અંગે જવાબદારી કોની? તેવો પ્રશ્ન અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારે તા.૧૪–૯–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગત પૂરી પાડેલ હોય અપીલ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી ઉપરસ્થિત કરેલ અલાયદા પૂરક પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને નિયમોનુસારની અલાયદી અરજી કરીને માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ..જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ભુપેન્દ્રસિંહ દેવિદયાલસિંહ રાજપૂત,